📱 97236 71611

DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09

# – :: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ :: –

<u>બાબત ::</u> જત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ચીલોડા(નરોડા)ની સીમના રેવન્યુ ખાતા નંબર :૭૪ ના સર્વે નંબર : ૨૪૬/૨ ની હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ વાળી જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૬૮/૨ ની ૩૦૯૬ ચો.મી.વાણિજય તથા રહેણાંકના હેતુની બીન ખેતીની જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ બાબત.

સદરહુ ઉપરોક્ત મીલકતના હાલના માલીક શિવ ડેવલોપર્સ વતી વહીવટકર્તા તથા તેના ભાગીદાર ઓમપ્રકાશ રતનલાલ માલવીયાનાઓએ સદરહુ ઉપરોક્ત મીલકત તેઓની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા,ભોગવટાની સ્વપાર્જીત મીલકત આવેલી હોવાનું જણાવી જે મીલકત સંબંધે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની અમો પાસેથી માંગણી કરતા તેઓએ અમો સમક્ષ સદરહુ ઉપરોક્ત મીલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા સંબંધે આ નીચે દર્શાવ્યા મુજબના ડોકયુમેન્ટસો રજુ કરેલ છે.

૧.સર્વે નંબર : ૨૪૬/૨ ના ૭×૧૨ ના ઉતારા

૨.સર્વે નંબર : ૨૪૬/૨ ના રેકર્ડ પડેલ ૬–અ ના હકક પત્રકની તમામ એન્ટ્રીઓ.

૩.સર્વે નંબર : ૨૪૬/૨ ના ૮–અ ના ઉતારાની નકલો.

૪.પ્ર.સ.પ્રના હુકમ તા.૨૪/૦૪/૨૦૦૯ ના રોજ ની નકલ.

૫.રજી.વેચાણ દસ્તાવેજ નંબરઃ૪૮૮૦,તા.૨૦/૫/૨૦૦૯ ના રોજની નકલ.

૬.બીન ખેતીના હુકમ તા.૨૦/૦૨/૧૫ ના રોજની નકલ.

૭.ભાગીદારી ડીડ તા.૨૭/૦૬/૨૦૧૫ ના રોજની નકલ.

૮.રજી.વેચાણ દસ્તાવેજ નંબરઃ૧૧૮૮૬,તા.૨૦/૦૮/૨૦૧૫ના રોજની નકલ.

૯.ઔડાની વિકાસ પરવાનગી તા.૧૦/૦૮/૨૦૧૬ ના રોજની નકલ.

DILIPSINH C. GOHIL Advocate GANDHINAGAR

📱 97236 71611

# DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



આમ ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ શિવ ડેવલોપર્સ વતી વહીવટકર્તા તથા તેના ભાગીદાર ઓમપ્રકાશ રતનલાલ માલવીયાનાઓએ અમો સમક્ષ રજુ કરેલ છે જેને ધ્યાને લેતા સદરહુ મીલકત કે જે મોજે ગામ ચીલોડા(નરોડા)ની સીમમાં રેવન્યુ સર્વે નંબર : ૨૪૬/૨ થી આવેલ છે સદરહુ મીલકતના રેવન્યુ રેકર્ડ તેમજ પ્રત્યક્ષ માલીક કબજેદાર ભોગવટેદાર શિવ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીનાઓ છે.

સદરહુ સર્વે નં.૨૪૬/૨ વાળી જમીન પ્રથમ વીરાભાઈ ડાહયાભાઈના નામે રેવન્યુ રેકર્ડ ચઢી ચાલતી આવેલી છે.ત્યારબાદ વીરાભાઈ ડાહયાભાઈનાઓ તા.૬/૧૧/૧૯૪૯ ના રોજ ગુજરી જવાથી તેમના સીધીલીટી વારસદારો તરીકે બાલાભાઈ વીરાભાઈ તથા સગીર આતાભાઈ વીરાભાઈના વાલી બાલાભાઈ વીરાભાઈના નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર:૬ માં ફેરફારની નોંધ નંબર:૭૧૩,તા.૨૬/૨/૧૯૫૦ થી વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૨૦/૩/૧૯૫૦ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.ત્યારબાદ સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં તાલુકાના હુકમ આધારે ટુકડો દાખલ કરેલ જે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર : ૬ માં ફેરફારની નોંધ નંબર :૭૨૮,તા.૩૦/૬/૫૧ થી દાખલ કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલી.ત્યારબાદ સદરહુ સર્વે નંબરવાળી ટુકડા તરીકે રેકર્ડ ચાલતી હોઈ પંરતુ સરદહુ જમીન પીયત થતી હોઈ જેથી ટુકડો કમી કરવામાં આવેલ.જે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર : ૬ માં ફેરફારની નોંધ નંબર :૧૮૬૯,તા.૧૭/૧૨/૯૦ થી ટુકડો કમી કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૨૨–૨–૯૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલી.ત્યારબાદ આતાભાઈ વીરાભાઈ મકવાણાનાઓ તા.૨૦/૩/૨૦૦૫ ના રોજ ગુજરી જવાથી તેમના સીધીલીટી

97236 71611

# DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



વારસદારો તરીકે શાન્તાબેન આતાભાઈ વિધવા પત્ની,રજનીકાન્ત આતાભાઈ તથા મંજુલાબેન આતાભાઈના નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલા જે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર : ૬ માં ફેરફારની નોંધ નંબર : ૨૪૯૨, તા.૨૨/૦૯/૨૦૦૬ થી દાખલ કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૧૧/૦૧/૨૦૦૭ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.ત્યારબાદ સદરહુ જમીન પ્રતિબંધીત સત્તા પ્રકાર(નવી શરત)ની જમીન હોઈ જુની શરતમાં ફેરવવા તથા ગામ રેકર્ડમાંથી નવી અને અવિભાજય નોંધ થયેલ છે તે કમી કરવા માટે એટલે કે જુની શરતમાં ફેરવવા કલેકટરશ્રી ગાંધીનગરને એક અરજ કરતાં જે અરજના સંદર્ભમાં કલેકટરશ્રીગાંધીનગરે તેઓના હુકમ નંબરઃસીબી/ગણોત/એસઆર/ ૧૧૬/૦૮/વશી.૨૫૮૩ થી ૨૫૮૮/૨૦૦૯, તા.૨૪/૦૪/૨૦૦૯ ના રોજથી સદરહુ જમીનને બીનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર કરવા માત્ર નવી શરતના નિયંત્રણઓ દુર કરવા પુરતી મંજુરી આપવાનો હુકમ કરેલ.માત્ર બીન ખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્રનો હુકમ કરેલ.જે હુકમ અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર : ૬ માં ફેરફારની નોંધ નંબરઃ૩૦૭૩,તા.૧૧/૦૫/૨૦૦૯ થી પડેલ.જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૧૮/૦૮/૨૦૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.તેમજ ઉપરોક્ત હુકમની દુબારા નોંધ નંબરઃ૩૦૮૦, તા.૨૧/૦૫/૨૦૦૯ ના રોજ પડેલ જે ત્યારબાદ લાગતા વળગતા અધીકારી ધ્વારા તા.૧૩/૦૮/૨૦૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.અને ત્યારથી સદરહુ જમીન વેચાણને પાત્ર બનેલ.ત્યારબાદ સદરહુ જમીન બાલાભાઈ વીરાભાઈ મકવાણા,શાન્તાબેન તે આતાભાઈ વીરાભાઈ મકવાણાની વિધવા પત્ની,રજનીકાન્ત આતાભાઈ તથા મંજુલાબેન આતાભાઈ મકવાણાના કુલમુખત્યાર તરીકે ગોકળભાઈ માવજીભાઈ વડગામાનાઓએ એક રજી.વેચાણ દસ્તાવેજ નંબરઃ૪૮૮૦,તા.૨૦/૦૫/૨૦૦૯ ના રોજ ઓધવજીભાઈ રામજીભાઈ

DILIPSINH C. GOHIL Advocate GANDHINAGAR

📱 97236 71611

# DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



સવાણી (૩૦ ટકા હીસ્સો),રમણીકભાઈ મોહનભાઈ સતાણી (૩૫ ટકા હીસ્સો) તથા જતીનભાઈ કલ્યાણભાઈ પ્રજાપતિ (૩૫ ટકા હીસ્સો)નાઓને કરી આપી અઘાટ વેચાણેથી આપતા તેઓ વેચાણ દસ્તાવેજ આધારે સદરહુ મીલકતના માલીક,કબજેદાર,ભોગવટેદાર બનેલ.જે વેચાણ અંગેની ધોરણસરની નોધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર :૬ માં ફેરફારની નોધ નંબર:૩૦૯૭, તા.૧૧/૦૬/૨૦૦૯ થી વેચાણ હકકે દાખલ કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૧૪/૧૨/૨૦૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.ત્યારબાદ સદરહુ જમીનને બીનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર કરવા માત્ર નવી શરતના નિયંત્રણઓ દુર કરવા પુરતી મંજુરી આપવાનો હુકમ કરેલ હતો પંરતુ સદરહુ હુકમની શરત મુજબ છ માસમાં બીન ખેતી હુકમ કરવાની જોગવાઈ હતી.સદરહુ હુકમ આધારે સમયમર્યાદામાં બીનખેતી ન થતા ઉપરોક્ત હુકમ મુજબ સમયગાળો વધારવા તેઓએ કલેકટરશ્રી,ગાંધીનગર સમક્ષ એક અરજ જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગરને કરતાં તેઓએ તેઓના એક હુકમ નંબર:સીબી/ગણોત/ વશી.૭૨૬૦ થી ૭૨૬૭/૨૦૧૪ નો તા.૨૨–૦૯–૨૦૧૫ ના રોજનો એક હુકમ કરેલ જેમાં સુધારા હુકમ –સમયગમળો નિયમીત કરી સરકારશ્રીની યાદી અન્વયે અરજદારને વધુ મુદત છ માસ સુધીની વધારી આપવા હુકમ કરવામાં આવેલ.જે અંગેની ધોરણસરની નોધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર :૬ માં ફેરફારની નોધ નંબર:૪૪૨૧,તા.૦૮/૧૦/૨૦૧૪ થી કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા– વળગતા અધિકારી ધ્વારા તા.૧૩/૦૧/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારબાદ સદરહુ જમીનને બીનખેતીના રહેણાંક્ના હેતુ માટે શરતફેર કરવા માત્ર નવી શરતના નિયંત્રણઓ દુર કરવા પુરતી મંજુરી આપવાનો હુકમ કરેલ હતો પંરતુ તેઓએ કલેકટરશ્રી,ગાંધીનગર સમક્ષ સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં રહેણાંક હેતુ માટેનું બાંધકામ કરવા માટે તત્કાલ બીન ખેતીની પરવાનગી માટે એક અરજ જીલ્લા કલેકટરશ્રી ગાંધીનગરને

☎ 97236 71611

# DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



કરતાં તેઓએ તેઓના એક હુકમ નંબર :સીબી/જમીન/તત્કાલ/બી.ખે./એસ.આર.૨/૧૩/ વશી. ૨૮૪૮ થી ૨૮૬૨/૨૦૧૫ નો તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજનો એક હુકમ કરી સદરહુ ખેતીની જમીનને બીન ખેતીમાં રૂપાંતરીત કરતો હુકમ કરેલ.જે અંગેની ધોરણસરની નોધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર :૬ માં ફેરફારની નોંધ નંબર:૪૬૦૪,તા.૨૫/૦૨/૨૦૧૫ થી કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૨૯/૦૪/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.ત્યારબાદ જત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ચીલોડા(નરોડા)ની સીમના રેવન્યુ ખાતા નંબર :૭૪ ના સર્વે નંબર : ૨૪૬/૨ ની હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ વાળી જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર: ૧૬૮/૨ ની ૩૦૯૬ ચો.મી.જુની શરત બીન ખેતીની જમીન ઓધવજીભાઈ રામજીભાઈ સવાણી (૩૦ ટકા હીસ્સો),રમણીકભાઈ મોહનભાઈ સતાણી (૩૫ ટકા હીસ્સો) તથા જતીનભાઈ કલ્યાણભાઈ પ્રજાપતિ (૩૫ ટકા હીસ્સો)નાઓએ સંયુક્ત રીતે શિવ ડેવલોપર્સ વતી વહીવટકર્તા તથા તેના ભાગીદાર ઓમપ્રકાશ રતનલાલ માલવીયાને તા.૧૭/૦૮/૨૦૧૫ ના રોજ વેચાણ આપેલ જે અંગેનો ધોરણસરનો વેચાણ દસ્તાવેજ મે.સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર દસ્તાવેજ નંબર:૧૧૮૮૬ થી વેચાણ રાખેલ જે અંગેની ધોરણસરની નોધ રેવન્યુ દફતરે નોધ નમુના નંબર:૬ માં ફેરફારની નોધ નંબર:૪૭૦૪, તા.૨૦/૦૮/૨૦૧૫ થી વેચાણ હકકે દાખલ કરવામાં આવેલ જે ત્યારબાદ લાગતા–વળગતા અધિકારી ધ્વારા તા.૦૫/૧૦/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલી.

ત્યારબાદ જત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ચીલોડા(નરોડા) ની સીમના રેવન્યુ ખાતા નંબર :૭૪ ના સર્વે નંબર : ૨૪૬/૨ ની હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ વાળી જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરી ફાળવવામાં

DILIPSINH C. GOHIL Advocate GANDHINAGAR

97236 71611
# DILIPSINH C.GOHIL
ADVOCATE
OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



આવેલ ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૬૮/૨ ની ૩૦૯૬ ચો.મી.વાણિજ્ય તથા રહેણાંકના હેતુની જમીન ઉપર બાંધકામ કરવા માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ(ઔડા)ની કચેરીમાં મંજુર કરાવવા અર્થે રજુ કરતા ઔડાના મે.સીનીયર નગર નિયોજક શ્રી સાહેબના હુકમ નંબરઃ પીઆર એમ/૪૮/૨/૨૦૧૬/૪૧૪,તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ પ્લાન મંજુર કરી વિકાસ માટેની પરવાનગી આપેલી છે.ત્યારથી "શિવ ડેવલોપર્સ"નામની ભાગીદારી પેઢી સદરહુ જમીનની પ્રત્યક્ષ માલીક, કબજેદાર, ભોગટેદાર બનેલ.ત્યારથી તેઓની પ્રત્યક્ષ માલીક,કબજા,ભોગવટામાં આવેલી.

આમ સદરહુ મીલકતના પ્રત્યક્ષ માલીક,કબજેદાર, ભોગવટેદાર "શિવ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીનાઓ બનેલ છે અને તેઓ સિવાય સદરહુ મીલકતમાં અન્ય કોઈ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો પોષાતો આવેલ નથી.

સદરહુ મીલકતના હાલના માલીકે સદરહુ મીલકતો અન્ય કોઈ ઈસમોને અન રજીસ્ટ્રર નોટરાઈઝ ડોકયુમેન્ટસથી લખી આપેલ છે કે નહી જે સંબંધે માહીતી મેળવવા અમોએ "સંદેશ" દૈનિક સમાચાર પત્રમાં તા.૧૯/૦૩/૨૦૧૭ ના રોજ સદરહુ જમીનના ટાઈટલ સંબંધે એક જાહેર નોટીસ આપી સદરહુ મીલકતમાં અન્ય કોઈ ઈસમનો કોઈપણ પ્રકારનો વાંધો યા તકરાર અગર હકક અધિકાર હોય તો સદરહુ મીલકતના ટાઈટલ સામે લેખીતમાં વાંધા આપવા સંબંધે જણાવેલ પંરતુ આજદિન સુધી અમો સમક્ષ કોઈ જ ઈસમે કોઈજ વાંધા મોકલી આપેલ નથી.

સદરહુ મીલકત સંબધે અમોએ ગાંધીનગરના સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરીમાં સદરહુ મીલકતો અન્વયે સદરહુ મીલતના રેકર્ડ પરના માલીકે કોઈ ઈસમને વેચાણ ગીરો બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર કોઈ લેખથી લખી આપેલ છે કે નહી જે સંબંધે રજીસ્ટરોમાં તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ તપાસ કરતા તેવા કોઈજ લખાણો કે કરારો મળી આવેલ નથી.

DILIPSINH C. GOHIL Advocate GANDHINAGAR

📱 97236 71611

# DILIPSINH C.GOHIL

ADVOCATE

OFF :C/116, JAY YOGESHWAR COMPLEX, NEAR CITY PULS,
AT & POST : KUDASAN, TA & DIST : GANDHINAGAR.
RES : VILLAGE : RADESAN, TA&DIST : GANDHINAGAR-3820 09



આમ ઉપરોક્ત વિગતે સદરહુ મીલકત કે જે મોજે ચીલોડા(નરોડા)ની સીમના રેવન્યુ ખાતા નંબર :૭૪ ના સર્વે નંબર : ૨૪૬/૨ ની હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ વાળી જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર: ૧૬૮/૨ ની ૩૦૯૬ ચો.મી.વાણિજય તથા રહેણાંકના હેતુની બીન ખેતીની જમીનની આવેલી છે જે મીલકતના માલીક "શિવ ડેવલોપર્સ"નામની ભાગીદારી પેઢીનાઓ છે.તેઓ સિવાય સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિત–હિસ્સો પોષાતો આવેલ નથી અને જે બદલ સદરહુ મીલકતો સંબંધે હું મારુ પ્રમાણપત્ર આ નીચે મુજબ આપુ

## :: પ્રમાણપત્ર ::

જત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ચીલોડા(નરોડા)ની સીમના રેવન્યુ ખાતા નંબર :૭૪ ના સર્વે નંબર : ૨૪૬/૨ ની હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ વાળી જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૮/૨ ની ૩૦૯૬ ચો.મી.વાણિજય તથા રહેણાંકના હેતુની બીન ખેતીની જમીનના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

તારીખ :: ૨૭/૦૩/૨૦૧૭
સ્થળ :: ગાંધીનગર.

( દિલીપસિંહ સી.ગોહિલ )
એડવોકેટ

DILIPSINH C. GOHIL Advocate GANDHINAGAR